RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 322 * Date: 14.9.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

# ટ્રમ્પની દાદાગીરી નહીં ચાલે : મોદી, પુતિન, જિનપિંગ

નવી દિલ્હી ખાતે બ્રિક્સના ૧૮મા સંમેલનમાં પશ્ચિમી દેશોના વેપાર પ્રતિબંધો અને મનસ્વી ટેરિફનો સખત વિરોધ કરાયો. ભારતના અધ્યક્ષપદે યોજાયેલા આ સંમેલનમાં ચીનના જિનપિંગ, ઁમોદી, રશિયાના પુતિન સહિત બ્રિક્સ દેશોના નેતાઓએ નવી દિલ્હી ડેક્લેરેશન સર્વાનુમતે સ્વીકાર્યું. આ ઘોષણાપત્રમાં વૈશ્વિક વેપાર, ટેકનોલોજી અને પશ્ચિમ એશિયામાં યુદ્ધ જેવા મુદ્દાઓ પર ભાર મૂકાયો.મનસ્વી ટેરફીથી વૈશ્વિક વેપાર ખોરવાયો :



બ્રિક્સનો 'પશ્ચિમ' સામે મોરચોપશ્ચિમી દેશોના વેપાર પ્રતિબંધો, કાર્બન બોર્ડર મિકેનિઝમથી વિકાસશીલ દેશો પર વિપરિત અસરથી બ્રિક્સ દેશોનો વિરોધઈરાન, સાઉદી, યુએઈને મનાવી બ્રિક્સના દેશોએ સર્વાનુમતે નવી દિલ્હી ડેક્લેરેશન સ્વીકાર્યુંનવી દિલ્હી : અમેરિકાના મનસ્વી ટેરિફથી વૈશ્વિક વેપાર ખોરવાઈ ગયો છે અને પશ્ચિમી દેશોના વેપાર પ્રતિબંધો તથા કાર્બન ક્રેડિટ જેવી મિકેનિઝમથી વિકાસશીલ દેશોના અર્થતંત્રો પર વિપરિત અસર પડી રહી છે. આ પ્રકારના ભેદભાવપૂર્ણ, સંરક્ષણવાદી અવરોધોને સાંખી લેવાય તેમ બ્રિક્સ સંગઠનના દેશોએ એકસૂરમાં જણાવ્યું હતું. બ્રિક્સ દેશો પર ૫૦૦ ટકા ટેરિફ નાંખવાની ટ્રમ્પની દાદાગીરી સામે ચીનના પ્રમુખ જિનપિંગ, વડાપ્રધાન મોદી અને રશિયન પ્રમુખ પુતિને એકસાથે અવાજ ઊઠાવ્યો છે. આ સાથે પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈરાનના યુદ્ધ વચ્ચે ઈરાન, સાઉદી અરબ અને યુએઈને મનાવી લેતાં બ્રિક્સ દેશોએ સર્વાનુમતે નવી દિલ્હી ડેકલેરેશનને સ્વીકૃતિ આપી છે.ભારતના અધ્યક્ષપદે યોજાઈ રહેલા ૧૮મા સંમેલનમાં શનિવારે બ્રિક્સ નેતાઓએ કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમનો પહેલી વખત ઉલ્લેખ કરતાં પશ્ચિમી દેશોના વેપાર પ્રતિબંધો અને ટ્રમ્પના મનસ્વી ટેરિફની આકરી ઝાટકણી કાઢી હતી. બ્રિક્સ ઘોષણાપત્રમાં ટ્રમ્પના એકતરફા ટેરિફ, સેકન્ડરી પ્રતિબંધો, નોન-ટેરિફ નિયંત્રણો અને અન્ય સંરક્ષણવાદી પગલાંઓથી વૈશ્વિક વેપાર ખોરવાઈ ગયો હોવાનું જણાવાયું છે. વિકાસશીલ દેશોના અર્થતંત્રો પર વિપરિત અસર પડી છે. આ સાથે બ્રિક્સ દેશોએ નવી દિલ્હી ડેક્લેરેશનમાં વૈશ્વિક શાસન, પશ્ચિમ એશિયામાં યુદ્ધ, વેપાર, ટેક્નોલોજી, નાણાકીય સહયોગ તથા સંયુક્ત રાષ્ટ્રમાં મહિલાઓની ભાગીદારી જેવા મુદ્દાઓનું સમર્થન કર્યું હતું.બ્રિક્સ દેશોએ નવી દિલ્હી ઘોષણાપત્રમાં વિશ્વમાં બદલાઈ રહેલા વર્લ્ડ ઓર્ડરમાં ભારતના નેતૃત્વમાં ગ્લોબલ સાઉથ દેશોને વધુ અવાજ આપવા તથા આઈએમએફ, વિશ્વ બેન્ક અને અન્ય વૈશ્વિક સંગઠનોમાં વિકાસશીલ દેશોની વધુ ભાગીદારી સુનિશ્ચિત કરવાની માગ કરી હતી. ડબલ્યુટીઓમાં ઈરાન અને ઈથિયોપિયાની દાવેદારીનું સમર્થન કરાયું હતું. સાથે જ વૈશ્વિક યુદ્ધો વચ્ચે વેપાર, સપ્લાય ચેઈન અને એનર્જી સપ્લાયને સુરક્ષિત રાખવાની જરૂરિયાત પર ભાર મૂકાયો હતો.આ સાથે ઘોષણાપત્રમાં સાયબર સુરક્ષા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને ક્વોન્ટમ ટેક્નોલોજીમાં સહયોગ વધારવાની ભલામણ કરાઈ છે. નાણાકીય ક્ષેત્રની સુરક્ષા માટે નિયમિત સાયબર અભ્યાસનું આયોજન કરવાની દરખાસ્ત કરાઈ છે. બ્રિક્સ દેશોએ કહ્યું કે, આંતરરાષ્ટ્રીય નિર્ણયોમાં ગ્લોબલ સાઉથના અવાજને વધુ મહત્વ મળવું જોઈએ. સંયુક્ત રાષ્ટ્રના નેતૃત્વમાં ગ્લોબલ સાઉથ દેશો માટે ભૌગોલિક સંતુલન અને વ્યાપક પ્રતિનિધિત્વની પણ માગ કરાઈ હતી. આ સિવાય ઘોષણાપત્રમાં રંગભેદ, ધૃણા ફેલાવતી ભાષા, ફેક ન્યૂઝ અને દુષ્પ્રચારની આકરી ટીકા કરાઈ હતીબ્રિક્સ ઘોષણાપત્રમાં ગાઝામાં સંઘર્ષ વિરામ જાળવી રાખવા, બેરોકટોક માનવીય મદદ ચાલુ રાખવા અને નાગરિકો પર હુમલા રોકવા માગ કરાઈ હતી. બ્રિક્સે પેલેસ્ટાઈનવાસીઓના કોઈપણ પ્રકારના બળજબરીથી વિસ્થાપનનો વિરોધ કર્યો હતો.

# હોર્મુઝના નવા એન્ટ્રી-એક્ઝિટ રુટ પર ઈરાન-ઓમાન સંમત, ટ્રમ્પની આશાઓ પર પાણી ફર્યું

હોર્મુઝ મુદ્દે ઈરાન અને ઓમાન વચ્ચે જહાજોના આવાગમન માટે નવા એન્ટ્રી-એક્ઝિટ રૂટ પર સહમતિ સધાઈ છે. આ નવો રૂટ ઈરાનના પ્રાદેશિક સમુદ્રી ક્ષેત્રમાં આવશે અને ઈરાનની શરતો હેઠળ સંચાલિત થશે. મસ્કતમાં સોમવારે ખાડી તટીય દેશોના વિદેશ મંત્રીઓની બેઠક મળશે, જેમાં સુરક્ષિત જહાજવાહક ગલિયારાની સ્થાપના અંગે ચર્ચા થશે. અમેરિકાને ખાસ ફાયદો નહી થાય, કારણ કે દક્ષિણ માર્ગ બંધ જ રહેશે.મડિલ-ઈસ્ટમાં અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતા હોર્મુઝ મુદ્દે ઈરાન અને ઓમાન વચ્ચે જહાજોના આવાગમન માટે નવા એન્ટ્રી અને એક્ઝિટ રૂટ્સ પર સહમતિ સધાઈ ચૂકી છે. આ નવો રૂટ સંપૂર્ણપણે ઈરાનના પ્રાદેશિક સમુદ્રી ક્ષેત્રમાં આવશે અને




ઈરાનની શરતો તથા વ્યવસ્થાઓના આધીન જ સંચાલિત થશે. જોકે, આ નવી વ્યવસ્થાથી યુનાઇટેડ સ્ટેટ્સ (અમેરિકા) ને કોઈ ખાસ ફાયદો થવાનો નથી, કારણ કે આ સિસ્ટમ લાગુ થયા પછી પણ હોર્મુઝનો દક્ષિણ માર્ગ બંધ જ રહેશે, જ્યારે અમેરિકા લાંબા સમયથી આ માર્ગને ખોલવાની સતત માંગ કરી રહ્યું છેમસ્કતમાં યોજાનારી બેઠક અને ટેકનિકલ ચચાસમાચાર એજન્સી તસ્નિમના અહેવાલ મુજબ, ઈરાની વાર્તાકાર દળના નજીકના સૂત્રએ જણાવ્યું છે કે બંને દેશો વચ્ચે ઓગસ્ટના અંતમાં થયેલી આખરી બેઠક બાદ ટેકનિકલ અને કૂટનીતિક ચર્ચાઓના અંતે આ સમજૂતી સધાઈ છે. હવે સોમવારે ઓમાનની રાજધાની મસ્કતમાં ખાડી તટીય દેશોના વિદેશ મંત્રીઓની એક મહત્ત્વપૂર્ણ બેઠક મળવા જઈ રહી છે. આ બેઠકમાં ઈરાન, ઈરાક અને ખાડી દેશોના વિદેશ મંત્રીઓ સામેલ થશે. જ્યાં સુરક્ષિત જહાજવાહક ગલિયારાની સ્થાપના અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે અને બંને દેશો પોતાની વાતચીતના તારણોની સંપૂર્ણ જાણકારી ખાડી દેશોને આપશે.અમેરિકા માટે નથી કોઈ સારા સમાચાનવા કરાર હેઠળ એન્ટ્રી રૂટ સંપૂર્ણપણે ઈરાની સમુદ્રી ક્ષેત્રમાં આવે છે, જ્યારે એક્ઝિટ રૂટનો એક ભાગ પણ તેની અંદર જ રહેશે. આ સમજૂતીનો અર્થ એ નથી કે હોર્મુઝ જળડમરૂમધ્યને સંપૂર્ણપણે ખોલી દેવામાં આવ્યો છે. ઈરાને આ માર્ગને ફરીથી ખોલવા માટે કુલ ૭ શરતો મૂકી છે, જે અમેરિકાને સોંપવામાં આવી ચૂકી છે. જ્યાં સુધી આ શરતો પૂરી નહી થાય, ત્યાં સુધી આ રૂટ બંધ જ રહેશે અને તેને ખોલવાનો આધાર સંપૂર્ણપણે અમેરિકાના વલણ પર નિર્ભર છે.

# 'AI ને રોકો નહીંતર તબાહી આવશે...' એન્થ્રોપિકના CEO ની ચેતવણીને મસ્ક-ઓલ્ટમેનનું પણ સમર્થન

ઈ ડારિયો અમોડેઈએ છૈં ડેવલપમેન્ટ ધીમું કરવાની અપીલ કરી છે. તેમના આ પ્રસ્તાવને ઁહછૈંના સેમ ઓલ્ટમેન અને ટછૈંના ઈલોન મસ્કે ટેકો આપ્યો છે. સુરક્ષાની ચિંતાઓ અને છૈંના દુરુપયોગને કારણે આ નિર્ણય લેવાયો છે. ડારિયોએ સ્વતંત્ર મૂલ્યાંકનકર્તાઓની નિયુક્તિ અને આંતરરાષ્ટ્રીય સહયોગની ભલામણ કરી. ઝડપી છૈં મોડેલથી મોટા નુકસાનનો ભય વ્યકત કરાયો છે.એટલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ. ટેકની આ દુનિયામાં આનાથી વધુ કોઈ ચર્ચિત શબ્દ નથી. દરરોજ આપણને ક્યાંકને ક્યાંક આ છૈં વિશે સાંભળવા મળતું હોય છે. આ ડિજિટલ યુગમાં છૈંનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે અને તેને વધુ ને વધુ પાવરફુલ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ વચ્ચે ટેક વર્લ્ડના ત્રણ સૌથી મોટા દિગ્ગજોએ છૈંની સ્પીડ પર બ્રેક લગાવવા પર સહમતિ દર્શાવી છે. તેમનું માનવું છે કે હવે આ ટેકનોલોજીને થોડી ધીમી કરવાની જરૂર છેએન્થ્રોપિકના ઝઈ ડારિયો અમોડેઈએ છૈં કંપનીઓને ટેકનોલોજીમાં થઈ રહેલા ઝડપી ડેવલપમેન્ટ પર બ્રેક લગાવવાની અપીલ કરી છે. તેમના આ વલણ પર શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર અમોડેઈએ છૈંને લઈને કહ્યું કે જેમ-જેમ મોડલની ક્ષમતાઓ ઝડપથી વધી રહી છે, કંપનીઓને સિક્યુરિટી મજબૂત કરવા માટે વધુ સમયની જરૂર છે.અમોડેઈએ સુરક્ષાની તપાસ માટે મોટી છૈં કંપનીઓમાં કર્મચારીઓ જેવી એક્સેસ ધરાવતા ઈન્ડિપેન્ડન્ટ ઈવેલ્યુએટર્સને તહેનાત કરવાનો પ્રસ્તાવ મૂક્યો. તેમણે તપાસ વગર થઈ રહેલા ડેવલપમેન્ટને રોકવા માટે છૈં કંપનીઓ વચ્ચે તાલમેલ અને ગ્લોબલ લેવલ પર આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવાની વાત કહી.સેમ ઓલ્ટમેને અમોડેઈના આ પ્રસ્તાવને સમર્થન આપતા કહ્યું, 'હું ડારિયો સાથે સહમત છું કે આપણે મોરચાની રફ્તારને કંટ્રોલ કરવાની જરૂર છે. હાલના સપ્તાહોમાં ઁહછૈંમાં આપણી બેઠકોનો આ જ મુખ્ય મુદ્દો રહ્યો છે. ઈન્ડિપેન્ડન્ટ ઈવેલ્યુએટર્સને અંદરની એક્સેસ આપવી એ એક શ્રેષ્ઠ આઈડિયા છે અને આપણે પણ એવું જ કરીશું.' બીજી તરફ ઈલોન મસ્કે પણ સહમતિ દર્શાવતા લખ્યું કે, 'ડારિયો તદ્દન સાચુ કહી રહ્યા છે.'તમને જણાવી દઈએ કે, ડારિયોનો આ પ્રસ્તાવ એન્થ્રોપિકના એ ખતરા સાથે જોડાયેલા ઈન્ટેલિજન્સ રિપોર્ટના થોડા દિવસો પછી આવ્યો છે, જેમાં ખુલાસો થયો હતો કે, કેટલાક તત્વોએ ક્લોડ છૈં મોડલનો ઉપયોગ હથિયાર બનાવવા, સાઈબર હુમલાઓ, દેખરેખ અને છેતરપિંડી માટે કર્યો હતો. અમોડેઈએ ચેતવણી આપી કે, 'ઝડપથી વધી રહેલા છૈં મોડલ ટૂંક સમયમાં ઓટોનોમસ સિસ્ટમનું ઝૂંડ તૈયાર કરી શકે છે, જેનાથી મોટું નુકસાન થઈ શકે છે. મને ડર છે કે આગામી ૬ થી ૧૨ મહિનામાં આવું ઝૂંડ આખા ઈન્ટરનેટ પર કબ્જો કરી શકે છે, જેનાથી સેંકડો અબજ ડોલરનું નુકસાન થઈ શકે છે.'અમોડેઈએ જણાવ્યું કે, રોકવાની માગ નથી કરી રહ્યો.

# ભારત-ચીન વચ્ચે દ્વિપક્ષીય સંબંધો માટે સરહદે શાંતિ જરૂરી : પીએમ મોદી

વડાપ્રધાન મોદીએ બ્રિક્સ સમિટમાં જણાવ્યું કે, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ સહિત વૈશ્વિક શાસન ઢાંચામાં સુધારા જરૂરી છે. તેમણે બ્રિક્સ દેશોને વૈશ્વિક નિર્ણયોમાં અગ્રણી ભૂમિકા ભજવવા હાકલ કરી. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની બેઠકમાં, મોદીએ સરહદી શાંતિ પર ભાર મૂક્યો અને ૧૦ મુદ્દાનો રોડમેપ રજૂ કર્યો. વૈશ્વિક પડકારો વચ્ચે બ્રિક્સની જવાબદારી વધી હોવાનું તેમણે ઉમેર્યું.ગ્લોબલ ગવર્નન્સ માટે બ્રિક્સ ૧૦ મુદ્દાનો રોડમેપ તૈયાર કરે, યુએનની સુરક્ષા પરિષદ, વૈશ્વિક ઢાંચામાં સુધારા જરૂરીનવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે બ્રિક્સ સમિટમાં કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અને વૈશ્વિક શાસન ઢાંચામાં સુધારો કરવો હવે જરૂરી છે. બ્રિક્સ દેશોએ એક થઇને



નિર્ણાયક ભૂમિકામાં આવવું જોઇએ તેમ મોદીએ કહ્યું હતું. આ દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ મોદીની નજીક બેઠા હતા. મોદીએ કહ્યું હતું કે હાલમાં કેટલાક દેશોના હાથમાં જ નિર્ણયો વધુ જોવા મળે છે. બીજી બાજુ ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેઠક યોજી હતી, જેમાં સરહદનો મુદ્દો ઉઠાવાયો હતો. મોદીએ કહ્યું હતું કે ભારત અને ચીન વચ્ચે સારા સંબંધો માટે સરહદે શાંતિ સ્થાપિત કરવી અત્યંત જરૂરી છે.વડાપ્રધાને જણાવ્યું હતું કે ભારત અને ચીનેએકબીજા સાથેના મતભેદોને વિવાદનો મુદ્દો ના બનવા દેવો જોઇએ.એકબીજાનું સન્માન જાળવવું પણ જરૂરી છે. જો દ્વિપક્ષીય સંબંધો જાળવી રાખવા હોય તો સરહદે શાંતિ જાળવવી પડશે.

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું હતું કે બ્રિક્સ સંગઠને પોતાના કાર્યકાળના ૨૦ વર્ષ પૂર્ણ કરી લીધા છે. હવે આ સંગઠન એવી સ્થિતિમાં પહોંચી ગયું છે કે જ્યાં તેની જવાબદારી વધી જાય છે. તેથી બહુ જ સમજદારીથી આગળ વધવુ પડશે. બ્રિક્સ દેશોનો હેતુ કોઇની વિરુદ્ધમાં જવાનો નથી. પરંતુ તમામને સાથે લઇને ચાલવાનો છે. વડાપ્રધાન મોદીએ ગ્લોબલ ગવર્નન્સ માટે ૧૦ મુદ્દાનો રોડમેપ પણ જાહેર કર્યો હતો. તમામ બ્રિક્સ દેશોના વડાઓની હાજરીમાં મોદીએ આ નિવેદન આપ્યું હતું. વડાપ્રધાને વધુમાં કહ્યું હતું કે આજે બ્લોબલ સાઉથ વૈશ્વિક સંકટની સામે પ્રથમ હરોળમાં ઉભું છું પરંતુ નિર્ણયો લેવામાં છેલ્લી હરોળમાં છે. આપણે આ પિરામિડને બદલવાની જરૂર છે કે જેમાં આપણે નિર્ણયો લેવામાં અંતિમ હરોળમાં છીએ જયારે કેટલાક દેશો જ વૈશ્વિક નિર્ણયો લઇ રહ્યા છે જેના પરિણામો આપણે બ્રિક્સ દેશોએ ભોગવવા પડે છે.

# એઆઈની ઝડપ પર બ્રેક મારો નહીં તો સાઈબર હુમલા કરશે : એથ્રોનિક સીઈઆ

નવી દિલ્હીમાં છૈં કંપની 'એન્થ્રોપિક'ના ઝઈ ડેરિઓ એમોડેઇએ છૈંના ઝડપી વિકાસ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે છૈં એજન્ટ્સ ટાર્ગેટ વિના સાઈબર હુમલા કરી રહ્યા છે અને એકબીજાનો સંપર્ક પણ કરી રહ્યા છે. જો છૈં પર નિયંત્રણ નહીં આવે તો ૬ મહિનામાં તે ઈન્ટરનેટ પર કબજો કરી શકે છે. સરકારે છૈંના ખતરાને પહોંચી વળવા તેના વિકાસની ગતિ ધીમી પાડવી જોઈએ.એઆઇના ખતરાને પહોંચી વળવા પુરતો સમય મળવો જોઈએ૨૦૨૩માં ચેતવ્યા હતા પણ તે સમયે એઆઇના ગંભીર પરિણામો ન દેખાતા કોઇએ ધ્યાન જ ન આપ્યું

નવી દિલ્હી : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઇ જે ગતિથી આગળ વધી રહ્યું છે તેને લઇને



હવે એઆઇ કંપનીના સંચાલકો જ ચિંતામાં મુકાયા છે. જાણિતી એઆઇ કંપની એન્થોપિકના સીઇઓ ડેરિઓ એમોડેઇએ કહ્યુ હતું કે વૈશ્વિક સ્તરે એઆઇની ગતિ ધીમી પાડવાની જરૂર છે, જેથી એઆઇના જે ખતરા છે તેનેપહોંચી વળવા માટે સરકારોને પુરતો સમય મળી રહે.એન્થોપિકના સીઇઓએ વધુમાં કહ્યું હતું કે એઆઇ બહુ જ ઝડપથી આગળ વધી રહ્યું છે, એટલુ જ નહીં એઆઇ આગામી જનરેશનનું એઆઇ પણ ડેવલપ કરી રહ્યું છે. એક એઆઇ કંપનીએ કહ્યું હતું કે એઆઇ એજન્ટ્સ ટાર્ગેટ નહોતો અપાયો ત્યાં પણ સાઇબર હુમલા કરવા લાગ્યા હતા. એઆઇ ટૂલ્સ આઉટ ઓફ કન્ટ્રોલ જઇ રહ્યા છે. એઆઇના એજન્ટ્સ એકબીજાનો સંપર્ક કરી રહ્યા છે. એન્થ્રોપિકના સીઇઓએ વધુમાં કહ્યું હતું કે એઆઇને તૈયાર કરવામાં તાલમેલ જરૂરી છે. જો એઆઇ પર કાબુ રાખવામાં ના આવ્યો તો આગામી છ મહિનામાં એઆઇ એજન્ટ્સ એક થઇને ઇન્ટરનેટ પર કબજો કરી શકે છે.તેમણે વધુમાં કહ્યું હતું કે મને લાગી રહ્યું છે કે એઆઇના ઘણા ફાયદા છે પરંતુ સવાલ તેના ખતરાને પહોંચી વળવા માટેની તૈયારીનો છે. એઆઇના વિકાસને ધીમો પાડવાની જરૂર છે, જેથી તેના ખતરાઓને પહોંચી વળવા માટે યોગ્ય પગલા લેવા સમય મળી શકે. ૨૦૨૩થી જ એઆઇની ગતિ ધીમી પાડવા પર ચર્ચા શરૂ થઇ હતી જોકે તે સમયે તેના ખતરા એટલા સામે નહોતા દેખાતા એટલે કોઇએ ગંભીરતાથી ના લીધું, હાલ તેના ખતરા સામે આવ્યા છે અને આગામી છ મહિનામાં એઆઇ ઇન્ટરનેટ પર હાવી થઇ જશે.

## તંત્રી લેખ

### બ્રિક્સના યજમાન ભારતઃ આત્મનિર્ભરતાના દાવા, મેક ઇન ઇન્ડિયા અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર

ભારત આ વર્ષે બ્રિક્સ સમિટનું યજમાન હતું. આ એક મહત્વનો વૈશ્વિક મંચ છે, જ્યાં ભારત, ચીન, રશિયા, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા સહિતના દેશો એકસાથે બેસે છે. પરંતુ અખબારી વિશ્લેષણમાં એક તીવ્ર પ્રશ્ન ઊભો થયો છે. શું ભારત ચીન અને રશિયા સામે આર્થિક ગુલામીની ગર્તામાં ધકેલાઈ રહ્યું છે? આત્મનિર્ભરતાના મોટા દાવા અને વાસ્તવિક આર્થિક નિર્ભરતા વચ્ચેનું અંતર કેટલું મોટું છે?

દાવા અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર

સરકાર આત્મનિર્ભર ભારતની વાત કરે છે. ઉત્પાદન વધારવા, આયાત ઘટાડવા અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં મજબૂત સ્થાન બનાવવાના લક્ષ્યો જાહેર થયા છે. પરંતુ વાસ્તવિકતા જુદી છે. ચીન સાથેનું વેપાર ખાધું (ટ્રિલ્લી ટ્રીકેષ્ટે) વર્ષોથી વધી રહ્યુંછે. ઈલેક્ટ્રોનિક્સ, મશીનરી, કેમિકલ્સ અને ફાર્માસ્યુટિકલ્સના કાચા માલમાં ચીન પર નિર્ભરતા હજુ પણ ઊંચી છે. રશિયા સાથે પણ ઊર્જા અને સંરક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ સંબંધો છે, પરંતુ તે પણ એકપક્ષીય નિર્ભરતા તરફ લઈ જાય છે. રશિયાએ ભારતીય રૂપિયા સ્વીકારવાનો ઈનકાર કરીને યુઆન અથવા યુએઈ દિરહામમાં પેમેન્ટની માંગણી કરી ત્યારે ભારતની કહેવાતી નાણાકીય સ્વાયત્તતા ખુલી પડી ગઈ હતી.

ફોટો-ઓપ અને ઔપચારિક મીટિંગ્સથી વિકાસ થતો નથી. વાસ્તવિક વિકાસ તો ત્યારે થાય છે જ્યારે સ્થાનિક ઉત્પાદન, સંશોધન અને નવીનતા મજબૂત બને. જો આપણે માત્ર વાત કરીએ અને કાર્ય ન કરીએ તો આત્મનિર્ભરતાના નારા ખાલી રહી જાય છે.

કેમ આ નિર્ભરતા ચાલુ છે? કેટલાક કારણો સ્પષ્ટ છેઃ

ઉત્પાદન ક્ષમતાની ખામીઃ ઘણા ક્ષેત્રોમાં ભારત હજુ પણ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક નથી. ખર્ચ, ગુણવત્તા અને સમયની દૃષ્ટિએ ચીન આગળ છે.

સપ્લાય ચેઈનની નાજુકતાઃ કોવિડ પછી પણ આપણે કેટલાક મહત્વના કાચા માલ અને ઘટકો માટે બહાર પર આધાર રાખીએ છીએ. જેને આપણે આર્થિક વિકાસ કહીએ છીએ તે હકિકતે આયાત આધારિત અલ્પજીવી ચમક છે.

નીતિ અને અમલીકરણનું અંતરઃ સારી નીતિઓ જાહેર થાય છે, પરંતુ જમીન પર અમલ ધીમો રહે છે. રોકાણ, કૌશલ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો જરૂરી છે.

વ્યૂહાત્મક સંતુલનઃ બ્રિક્સ જેવા મંચ પર ચીન અને રશિયા સાથે સહકાર રાખવો રાજનીતિક રીતે જરૂરી છે, પરંતુ આર્થિક રીતે સંપૂર્ણ નિર્ભરતા જોખમી છે.

શું કરવું જોઈએ?

આત્મનિર્ભરતાના સુત્રોચ્ચાર અને આત્મપ્રશંસાનો રાહ છોડી. કેટલાક વ્યવહારુ પગલાં લેવા જરૂરી છેઃ

૧. મહત્વના ક્ષેત્રોમાં સ્થાનિક ઉત્પાદન વધારવું — સેમિકન્ડક્ટર, બેટરી, ફાર્મા એપીઆઈ, ઈલેક્ટ્રોનિક્સ અને ઊર્જા સાધનોમાં.

૨. વેપાર વૈવિધ્યકરણ — ચીન પરની નિર્ભરતા ઘટાડવા માટે અન્ય દેશો સાથે સપ્લાય ચેઈન મજબૂત બનાવવી.

૩. સંશોધન અને નવીનતામાં રોકાણ — યુનિવર્સિટીઓ અને ઉદ્યોગ વચ્ચેમજબૂત સહયોગ.

૪. નિકાસ ક્ષમતા વધારવી — માત્ર આયાત ઘટાડવી પૂરતું નથી, નિકાસ પણ વધારવી પડશે.

૫. વ્યૂહાત્મક સ્વાયત્તતા — રાજનીતિક સહકાર જાળવીને આર્થિક સ્વતંત્રતા વધારવી.

બ્રિક્સનું યજમાનપદ ભારત માટે ગૌરવની વાત છે. પરંતુ ગૌરવ ત્યારે જ ટકે છે જ્યારે તે વાસ્તવિક શક્તિ પર આધારિત હોય. આત્મનિર્ભરતાના દાવા અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર જો ભરાય નહીં તો ભવિષ્યમાં આર્થિક નિર્ભરતા વધુ ઊંડી બની શકે છે.

ભારત પાસે ક્ષમતા છે, માનવ સંસાધન છે અને બજાર છે. જરૂર છે માત્ર સ્પષ્ટ દિશા, ઝડપી અમલ અને લાંબા ગાળાની રાજનીતિક ઈચ્છાશક્તિની. ફોટો-ઓપથી આગળ વધીને વાસ્તવિક વિકાસ કરીએ તો જ બ્રિક્સ અને અન્ય વૈશ્વિક મંચો પર ભારતની વાત વજનદાર બનશે.

# દિશા - ચાર મઠ - ચાર જગતગુરુ શંકરાચાર્ય! (શક્તિ ભક્તિ ઉપાસકઃ મહર્ષિ વિપુલ અંબાજીવાલા)

સનાતન ધર્મને જો કોઈ એક વ્યક્તિએ સંગઠિત કર્યો હોય તો તે આદિ જગતગુરુ શંકરાચાર્ય છે. આઠ વર્ષની ઉંમરે સન્યાસ, ૩૨ વર્ષના ટૂંકા આયુષ્યમાં આખા ભારતની ત્રણ વખત પગપાળા પરિક્રમા અને ચાર ખૂણે ચાર મઠની સ્થાપના - આ કોઈ માણસનું કામ નથી, સાક્ષાત શિવનું કામ છે.

શંકરાચાર્યએ જોયું કે ધર્મ વેરવિખેર થઈ ગયો છે. બૌદ્ધોનો પ્રભાવ, લોકોમાં અંધશ્રદ્ધા. એટલે તેમણે ચારેય દિશામાં ચાર વેદના આધારે ચાર મઠ સ્થાપ્યા, જેથી ધર્મનું રક્ષણ થાય.

૧. ઉત્તરમાં - જ્યોતિર્મઠ - બદ્રીનાથ - અથર્વવેદ

ઉત્તર દિશામાં હિમાલયમાં બદ્રીનાથ પાસે જ્યોતિર્મઠ છે. આ મઠ અથર્વવેદનો મઠ છે.
દેવતા - ભગવાન બદ્રીનારાયણ અને ક્ષેત્રપાળ ભગવાન નરનારાયણ.
મહાવાક્ય - "અયમાત્મા બ્રહ્મ" - આ આત્મા જ બ્રહ્મ છે.
આ મઠના પ્રથમ આચાર્ય તોટકાચાર્ય હતા. આ મઠ હિમાલયની ઠંડીમાં જ્ઞાનનો દીવો છે.

૨. પૂર્વમાં - ગોવર્ધન મઠ - જગન્નાથપુરી - ઋગ્વેદ

પૂર્વ દિશામાં સમુદ્ર કિનારે પુરી ધામમાં ગોવર્ધન મઠ છે. આ ઋગ્વેદનો મઠ છે.દેવતા - ભગવાન જગન્નાથ.
મહાવાક્ય - "પ્રજ્ઞાનમ્ બ્રહ્મ" - પ્રજ્ઞા એ જ બ્રહ્મ છે.
પ્રથમ આચાર્ય પદ્મપાદ હતા. અહીંથી જ ભગવાન જગન્નાથની કૃપા આખા પૂર્વ ભારતમાં ફેલાય છે.

૩. દક્ષિણમાં - શૃંગેરી શારદા પીઠમ - કર્ણાટક - યજુર્વેદ

દક્ષિણ દિશામાં તુંગા નદી કિનારે શૃંગેરી મઠ છે. આ યજુર્વેદનો મઠ છે. આ સૌથી પહેલો મઠ છે.
દેવી - માતા શારદા - વિદ્યાની દેવી.
મહાવાક્ય - "અહમ્ બ્રહ્માસ્મિ" - હું બ્રહ્મ છું.
પ્રથમ આચાર્ય સુરેશ્વરાચાર્ય. શંકરાચાર્યને અહીં ૧૨ વર્ષ સુધી નિવાસ કર્યો હતો. અહીંનું સરસ્વતી મંદિર અદ્ભુત છે.

૪. પશ્ચિમમાં - દ્વારકા શારદા મઠ - ગુજરાત - સામવેદ

પશ્ચિમ દિશામાં આપણા ગુજરાતમાં દ્વારકા ધામમાં શારદા મઠ છે. આ સામવેદનો મઠ છે.
દેવતા - દ્વારકાધીશ ભગવાન કૃષ્ણ.
મહાવાક્ય - "તત્વમસિ" - તું જ તે છે.
પ્રથમ આચાર્ય હસ્તામલક. આ મઠ પશ્ચિમ સમુદ્રના કિનારે ધર્મનો ધ્વજ લહેરાવે છે.

મઠાધિપતિ - જગતગુરુ શંકરાચાર્ય કોણ?

આ ચારેય મઠના ગાદીપતિને જગતગુરુ શંકરાચાર્ય કહેવાય છે. તેઓ આદિ શંકરાચાર્યના પ્રતિનિધિ છે. તેમને દશનામી સન્યાસી કહેવાય - ગિરી, પુરી, ભારતી, સરસ્વતી વગેરે. તેઓ ભગવા વસ્ત્ર, દંડ, કમંડળ ધારણ કરે છે.

તેમનું કામ શું? ધર્મનું રક્ષણ, વેદોનું રક્ષણ, લોકોને અદ્વૈત જ્ઞાન આપવું. અદ્વૈત એટલે જીવ અને બ્રહ્મ એક છે, બે નથી. આ સૌથી મોટું જ્ઞાન શંકરાચાર્યએ આપ્યું.

આજે પણ ચારેય મઠમાં અખંડ ધૂણી ચાલે છે, વેદ પાઠ ચાલે છે, ભંડારા ચાલે છે. લાખો સાધુઓ આ મઠ સાથે જોડાયેલા છે.

આદિ શંકરાચાર્યએ કેરળના કાલડીમાં જન્મ લઈને કાશ્મીરથી કન્યાકુમારી સુધી ધર્મને એક કર્યો. જો ચાર મઠ ન હોત તો આજે સનાતન ધર્મ ન હોત.

એટલે આ ચાર મઠ એ માત્ર મંદિર નથી, ભારતની ચાર દિશાના ચાર સ્તંભ છે, જેના પર આખો સનાતન ધર્મ ટકેલો છે! કોટી કોટી નતમસ્તક વંદન મઠાધિપતિ જય જગત જયમાતાજી!મોબાઈલ : ૭૯૯૦૮૧૦૧૨૪) લેખકઃમહર્ષિ વિપુલ અંબાજીવાળા)

★(મહર્ષિ વિપુલ અંબાજીવાળા - શ્રી અંબાજી માતા મંદિર, ૯/૧૧૩૨,અંબાજી રોડ, સુરત

# ગેરકાયદેસર યુરિયા ખાતરના કૌભાંડ મામલે અંતે પોલીસે ફરિયાદ નોંધી




મહેસાણા જિલ્લાના મોઢેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા રણેલા-જેતપુર રોડ પર ‘જય ગણેશ એન્ટરપ્રાઇઝ‘ નામની ફેક્ટરીમાં સ્ટેટ મોનિટરિંગ સેલ ગાંધીનગર દ્વારા પાડવામાં આવેલા દરોડામાં ખેતી વિષયક સબસિડીવાળા યુરિયા ખાતરનો ઔદ્યોગિક હેતુ માટે થતો ગેરકાયદેસર ઉપયોગ ઝડપાયો છે. ગાંધીનગર ખાતર ચકાસણી લેબોરેટરીના રિપોર્ટમાં આ જથ્થો સબસિડીવાળું ‘નીમ કોટેડ યુરિયા‘ હોવાનું સ્પષ્ટ થતાં પોલીસે ગુનો નોંધી વધુ કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, ખેતીનું સબસિડીવાળું યુરિયા મેળવી તેનો ગેરકાયદેસર રીતે રેઝીન બનાવવામાં ઔદ્યોગિક ઉપયોગ કરાતો હતો. ઘટનાસ્થળેથી ટ્રક (નં. ય્ન-૦૨-ઢ-૭૭૪૯)માંથી જથ્થો ખાલી કરાઈ રહ્યો હતો, જેમાં ઔદ્યોગિક કેલ્શિયમ નાઈટ્રેટનું છાપકામ ધરાવતી ૧૭૦૦ સફેદ થેલીઓમાંથી ૭૬,૫૦૦ કિગ્રા કિંમત ?૩૪,૪૨,૫૦૦ નું નીમ કોટેડ યુરિયા ઝડપાયું હતું.

આરોપીઓની અટકાયત

બફાતીશા ભુરાશા ફકીર (ડ્રાઈવર, રહે. સમી, જિ. પાટણ)

હબીબશા ઈમામશા ફકીર (કંડક્ટર, રહે. રાધનપુર, જિ. પાટણ)

મુખ્ય આરોપીઓ

રોનક કમલેશભાઈ પટેલ (ડિસ્ટ્રિબ્યુટર - રહે. સિદ્ધપુર, જિ. પાટણ) - કનીજ ચોકડી પાસે ‘રૂદ્રાક્ષ વાયર‘ નામના ગોડાઉનમાંથી બિલ-પાંચ વગર જથ્થો સપ્લાય કર્યો.

પોપટજી હેમરાજજી ઠાકોર (સંચાલક - ‘જય ગણેશ એન્ટરપ્રાઇઝ‘, રહે. વિસનગર, જિ. મહેસાણા) - ઔદ્યોગિક વપરાશ માટે બિનઅધિકૃત રીતે ખાતર ખરીદ્યું.

કાયદાકીય કાર્યવાહી

મોઢેરા પોલીસ સ્ટેશનના ઁજીૈ એન.એસ. શિંદેની ફરિયાદના આધારે આરોપીઓ વિરુદ્ધ મ્દ્ગજી ૨૦૨૩ની કલમ ૩૧૬(૨), ૫૪, રાસાયણિક ખાતર નિયંત્રણ ઓર્ડર ૧૯૮૫ ની કલમ ૨૫(૧) તથા આવશ્યક ચીજવસ્તુ ધારા (ઈઝછ) ની કલમ ૭ હેઠળ ગુનો નોંધી તપાસ તેજ કરવામાં આવી છે.

# આંગડિયા પેઢીના કર્મી પાસેથી ૬ લાખનું પાર્સલ સેરવી લીધું

વિસનગરમાં અંબાલાલ હરગોવનદાસ પટેલ આંગડિયા પેઢીમાં ફરજ બજાવતા ૬૭ વર્ષીય વૃદ્ધ કર્મચારી વિષ્ણુભાઈ પટેલ વિજાપુર ખાતેથી પાર્સલો એકત્રિત કરી રહ્યા હતા ત્યારે છેતરપિંડીની ઘટના બની હતી. એસ.એમ. જ્વેલર્સમાંથી રૂ. ૬,૦૦,૦૦૦ ની કિંમતનું મુંબઈ મોકલવાનું પાર્સલ મેળવીને વિષ્ણુભાઈ જૂની કોર્ટ પાસે અશોક ફરસાણ નજીકના રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે બાઈક પર આવેલા બે અજાણ્યા ઈસમોએ તેમને આંતરીને તેમની પાસે ‘બે નંબરનો માલ’ હોવાનું કહી રોક્યા હતા.બાઈકસવારોએ વૃદ્ધ કર્મચારીનો થેલો અને પહેરેલી બંડીની ઝડતી લઈને અંદર રહેલા ત્રણેય પાર્સલો બહાર કઢાવ્યા હતા. બન્ને ઈસમોએ પાર્સલો ચેક કરીને પરત થેલામાં મુકાવ્યા હતા અને વૃદ્ધને વાતોમાં પરોવી દીધા હતા. ત્યારબાદ વૃદ્ધ ત્યાંથી આગળ ચાલવા લાગ્યા ત્યારે તેમને શંકા જતાં થેલો તપાસતા એસ.એમ. જ્વેલર્સનું રૂ. ૬ લાખની કિંમતનું સોના-ચાંદી કે કિંમતી માલસામાન ધરાવતું પાર્સલ ગાયબ જણાયું હતું.આમ બાઈક પર આવેલા બે ગઠિયાઓ કર્મચારીને વાતોમાં ઉતારી, તલાશી લેવાના નામે કિંમતી પાર્સલની સેરવી લઈ છેતરપિંડી આચરી ફરાર થઈ ગયા હતા. ઘટનામાં એક ઈસમ સફેદ શર્ટ પહેરેલો હતો જ્યારે બીજા ઈસમે હેલ્મેટ પહેરેલું હતું. આ મામલે પીડિત કર્મચારીએ પાવતીની નકલ સાથે વિજાપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવતા પોલીસે ગઠિયાઓની શોધખોળ હાથ ધરી છે.

# સર્વ સમાજના આગેવાનો અને ઉપસ્થિત સૌ અગ્રણીઓને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સેવા અને સમર્પણની ૨૫ વર્ષની ગાથાને જન જન સુધી પહોંચાડવા અપીલ કરાઈ





ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને દેશના પ્રધાનમંત્રી તેમજ રાજ્યના મુખ્યમંત્રી તરીકે જાહેર જીવનના સતત ૨૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે તેમની આ અવિરત સેવા યાત્રાને જન સુધી પહોંચાડવાના શુભ આશય સાથે ભારતીય જનતા પાર્ટી દ્વારા ૧૭ સપ્ટેમ્બર થી ૧૭ ઓક્ટોબર સુધી ચાલનારા ‘સેવા સંકલ્પ અભિયાન‘ અંતર્ગત આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વર્ચ્યુઅલ માધ્યમથી રાજ્યના પ્રત્યેક જિલ્લા તથા મહાનગરમાં આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત વિવિધ સમાજના આગેવાનો અને અગ્રણીશ્રીઓ સાથે સંવાદ કર્યો હતો.આ અન્વયે ગાંધીનગર મહાનગર ખાતે પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ સમાજના આગેવાનો, ઉધોગપતિઓ અને સેવાકીય સંસ્થાઓના અગ્રણીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતાં. આ અવસરે શહેર ભાજપ અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવે, ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ સહિત ભાજપા આગેવાનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રધાનમંત્રીશ્રીની ૧૩ વર્ષ ગુજરાતના મુખ્યમંત્રી અને ૧૨ વર્ષ દેશના પ્રધાનમંત્રી તરીકેની પ્રેરણાદાયી સેવાયાત્રા અને દેશવાસીઓ માટે પોતાનું જીવન સમર્પિત કરી નિસ્વાર્થ ભાવે રાજ્ય અને દેશહિતમાં કરેલી કામગીરી અંગે સંવાદ કર્યો હતો. તેઓએ સર્વ સમાજના આગેવાનોને સેવા અને સમર્પણની આ ૨૫ વર્ષની ગાથાને જન જન સુધી પહોંચાડવા અપીલ કરી હતી.

# નારી સશક્ત તો સમાજ સશક્ત અને સમાજ સશક્ત તો દેશ સશક્ત" : કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા

એકતાનગર ખાતે નારી શક્તિના આત્મનિર્ભરતા તરફના સંકલ્પ અને સાહસને પ્રોત્સાહન આપતા ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ પિંક ઈ-રિક્ષા ચલાવી આત્મનિર્ભર બની રહેલી મહિલા ચાલક બહેનો સાથે પ્રેરણાદાયી સંવાદ કર્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ બહેનોના અનુભવો, તેમની રોજગારી તથા પરિવારના જીવનમાં આવેલા પરિવર્તન અંગે રસપૂર્વક જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રીએ મહિલાઓના આત્મનિર્ભરતા તરફના પ્રયાસોની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, "નારી સશક્ત તો સમાજ સશક્ત અને સમાજ સશક્ત તો દેશ સશક્ત." તેમણે જણાવ્યું કે, મહિલાઓ જ્યારે પોતે પગભર બનીને પરિવારની જવાબદારી નિભાવે છે ત્યારે તે માત્ર પોતાના પરિવારને જ નહીં, પરંતુ સમગ્ર સમાજને નવી દિશા આપે છે.મંત્રીશ્રીએ પિંક ઈ-રિક્ષા ચલાવી રહેલી બહેનોને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, કોઈપણ કામ નાનું નથી હોતું. જીવનમાં કરવામાં આવતું દરેક કામ મહેનત, હિંમત અને આત્મવિશ્વાસથી કરવામાં આવે તો તે ગૌરવપૂર્ણ બની જાય છે. દરેક વ્યક્તિએ પોતાના કામને શ્રેષ્ઠ રીતે કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે કોઈ વ્યક્તિ હિંમત અને આત્મવિશ્વાસ સાથે આગળ વધે છે ત્યારે સમાજ પણ તેની નોંધ લે છે. આજે દેશના વિવિધ વિસ્તારોમાંથી લોકો એકતાનગર ખાતે પિંક ઈ-રિક્ષાના આ મોડલનો અભ્યાસ કરવા આવી રહ્યા છે, જે આ પહેલની સફળતા અને તેની પ્રેરણાદાયી અસર દર્શાવે છે.

પિંક ઈ-રિક્ષા ચલાવીને રોજગારી મેળવી રહેલી બહેનોને સંબોધતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તમે રિક્ષા ચલાવો છો તે માત્ર રોજગાર નથી, પરંતુ તમારા બાળકો માટે પણ એક મોટી પ્રેરણા છે. માતાને મહેનત કરીને પરિવારનું ગુજરાન ચલાવતા જોઈને બાળકોમાં પણ જીવનમાં આગળ વધવાની અને કંઈક બનવાની પ્રેરણા જન્મે છે.

તેમણે જણાવ્યું હતું કે, મહેનતથી મેળવેલી કમાણીનું પોતાનું વિશેષ ગૌરવ હોય છે. પરિશ્રમથી જ્યારે ઘરમાં આવક આવે છે ત્યારે તે પરિવારને આર્થિક રીતે મજબૂત બનાવવાની સાથે આત્મવિશ્વાસ અને સ્વાભિમાન પણ વધારે છે.

પિંક ઈ-રિક્ષા ચલાવી રહેલી બહેનોની હિંમત અને સંઘર્ષમાંથી પોતે પણ પ્રેરણા મેળવી હોવાનું જણાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે, તેઓ અનેક લોકોને આ બહેનોની વાત કરે છે કે, કેવી રીતે આપણી બહેનો હિંમતપૂર્વક પોતાનું ગુજરાન ચલાવી રહી છે અને પોતાના દીકરા-દીકરીઓને એક ધ્યેય સાથે શિક્ષણ અપાવી રહી છે.






ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS-106**
વિષય -ગણેશ ચતુર્થી
શીર્ષક-"દુંદાળો દુઃખ ભંજનો"
પ્રકાર-ગદ્ય શબ્દ-૨૧૪

નમું ગણપતિ દેવ દુંદાળા રે,રિદ્ધિ સિદ્ધિના સ્વામી સૂંઢાળારે..
શુભ કાર્યની શરૂઆત -ગજાનન ગજરાયાને યાદ કરીને જ થતી હોય છે!
"એવા ગોળમટોળ દેખાવમાં સૌથી જુદા ગણેશનો જન્મ દિવસ આપણે ઉજવીએ છીએ આજે! પણ એક દિવસ -નહિ ચૌદ દિવસ સુધી!
ખરુંને?
"ગં ગણપતયે નમઃ" ના જાપથી આપણે સનાતનીઓ ક્યાં અજાણ છીએ!
જુદીજુદી જગ્યાએ, ગણપતિનાં રૂપ જુદાજુદાં જોવા મળે છે, પણ આંખ આકાર નાક નક્સી તો એનાં એજ છે.
દૂરંદેશી ગણપતિની
આંખ-જીણી જીણી !મોટા મોટા કાન, મોટું પેટ દરેકે દરેક અંગ સમાજને અલગ અલગ દષ્ટિકોણ આપે છે!
એનું શરીર ભલે અદોદરું દેખાતું હોય, છતાં સૌનો વહાલો ગણેશ છે.
ભાદરવા મહિનામાં,મહારાષ્ટ્રમાં ચૌદ દિવસના "ગણપતિ" ઘેર ઘેર પધરાવવામાં આવતા જેનું શ્રેય .લોકમાન્ય ટિળકને જાય છૂ. સાર્વજનિક ગણેશોત્સવના મંચનો ઉપયોગ ટિળક કરતા હતા, એ વાતનો ઈનકાર તો કોઈ નહીં કરે.
હવે આ (બનાવી કાઢેલા ઉત્સવ)નો ફેલાવો દેશ દુનિયામાં થઈ ચૂક્યો છે! બઝાર ઊભાં થઈ ચૂક્યાં છે!માનતાઓ માનીને લોકો પોતાના ઘેરે ગણપતિને પધરાવે છે.
બાપા કરતાં બેટો સવાયો! શિવતો ભોળા"ઓગડદાની"
સૌ સુખનો સહારો, એટલે ગણપતિ.
આજકાલ જેમ હનુમાન ચાલીસાના પ્રતાપો પ્રચલિત થયા છે. તેમ ગણપતિ બાપ્પાના પણ અથર્વ શીર્ષ કે પછી અષ્ટવિનાયકનાં દર્શન, જગ જાહેર છેજ.
સારા પ્રસંગની શરૂઆત તો કષ્ટ-દુઃખ ભંજન ગજાનન-ગણરાયથી જ થાય.
બોલો ગજાનન મારાજકી જય.

મુક્તિદા કુમાર(રુપલી)

★★★★★★★

**NOG SS NO.: 101**
વિષય : ગણેશ ચતુર્થી
શીર્ષકઃ ગણેશ વંદના શબ્દો : ૯૧

વિઘ્ન હરવા સદા જેને સૌ ભજે છે,
રિદ્ધિ-સિદ્ધિ દેવા દ્વારે જે મળે છે.

પ્રથમ પૂજન તણો અધિકાર જેને,
સૌની ભક્તિ તેની તરફ ઢળે છે.

મૂષક વાહન, લંબોદર સ્વરૂપ,
જોતાં હૈયું હરખે સળવળે છે.
મોદક પ્રિય, શુભ લાભના દાતા,
કૃપા થતાં અટકેલાં કામો ફળે છે.

જ્ઞાનના સાગર, વાણીના સ્વામી,
શબ્દે શબ્દે જાણે અમૃત ભળે છે.

વક્રતુંડાય નમું, મહાકાયાય નમું,
અંધારું મટે, જ્યાં દીવો બળે છે.

'ભરત' શરણે આવ્યો હે ગજાનન,
વિઘ્નો કાપો, મનડું નિત્ય મળે છે.

ભરત સાંગાણી ( અમદાવાદ)

★★★★★★★

**NOG SS NO -162**
વિષય- ગણેશ ચતુર્થી
શીર્ષક- રિદ્ધિ સિદ્ધિ ના દાતા ગણેશ
પ્રકાર-ગદ્ય,શબ્દો-૧૭૦

રિદ્ધિ સિદ્ધિ ના દાતા ગજાનન ગણપતિ મહારાજ ગોળમટોળ હસમુખા અને સદાય ખુશ મીજાજ રહેતા.
ગણેશજી ને મોદક ભાવતા તેમના વાહન ઉંદરને પણ મોદક અતિપ્રીય હતા. એક દિવસ દેવર્ષિ નારદ કૈલાશ પર્વત પર આવ્યા અને માતા પાવતીને
સુગંધિત મોદક ભેટ આપ્યો
આ જોઈને કાર્તિકેય અને ગણેશજી વચ્ચે વિવાદ થયો કાર્તિકેય કહે હું મોટો છું એટલે મને મોદક મળે
માતા પાવઁતી અને મહાદેવ બંને ભાઈ ઓ આમ મોદક માટે મીઠો વિવાદ કરતા જોઈ વિચાર માં પડયા.
મહાદેવજી એ ઉપાય શોધી કાઢ્યો
નાના મોટા નો કોઈ પ્રશ્ન નથી તમારા
બે ભાઈ માથી જે આખી પૃથ્વી ની ત્રણ વાર પરિક્રમા કરી ને પહેલાં કૈલાસ પર્વત પર પાછા ફરશે તે જ આ દિવ્ય મોદક નો હકદાર બનશે.
કાર્તિકેય તો આ સાંભળી પોતાના હવામાં ઉડ નારા મયુર પર સવાર થઈ સડસડાટ નીકળી પડ્યા.
પછી તો ગણેશ જી પોતાના વાહન તરફ નજર કરી પોતે કુશળ બુદ્ધિથી તરતજ આ મુશ્કેલ સમસ્યાનો ઉકેલ શોધી કાઢ્યો તેમણે પિતા મહાદેવ અને માતા પાવઁતી ને એક આસન પર બિરાજમાન કર્યા કંકુ ચોખા ફુલ હાર કરી પૂજા અર્ચના કર્યા બાદ માતા પિતાને ત્રણ વાર પરિક્રમા કરી ગણેશજી મહાદેવ ને કહ્યું આપણે તો એક દિવસ કહ્યું હતું માતા, પિતા ની પરિક્રમા એ જ આખી પૃથ્વી ની પરિક્રમા થી અધિક ગણવામાં આવે છે જે સંતાન માતા, પિતા ની રોજ પરિક્રમા કરે એને ચાર ધામ યાત્રા થી પણ અધિક ફળ પ્રાપ્ત થાય છે..!

રેખા રસિક નાકરાણી (મુંબઈ)

★★★★★★★

**Nog Ss No.343**
વિષય;- ગણેશ ચતુર્થી
શિર્ષકઃ- જય ગણેશ
પ્રકારઃ- પધ
શબ્દો :- ૮૦

પ્રથમ પૂજન તારું હે ગજાનન દેવ,
વિઘ્નહર્તા તું છે સુખકર્તા તું દેવા,

માતા પાર્વતી પિતા મહાદેવ, બંધુ કાર્તિકેય,
સમગ્ર જગમાં પૂજાય તું સૌથી પ્રથમ દેવ,

ગણેશ તું સર્વ કાર્યના આરંભે કરે વાસ,
સિંદૂરથી શોભે તારું રૂપ છે અનુપમ ખાસ,

મોદક પ્રિય શ્રદ્ધા-આસ્થાથી ભક્તોનો તું છે ભૂપ,
ગણેશજી લધુ વાહન મૂષક પર થાય સવાર,

રિદ્ધિ-સિદ્ધિનાં સ્વામી પણ કરે સૌનો ઉદ્ધાર,
સર્વ વિઘ્નો દૂર કરી આપો બુદ્ધિનો પ્રકાશ,

"ચંદ્ર" સૂર્યની જેમ ઉજ્જવળ કરો સૌ આશ,
કૃપા કરો બાપ્પા હરો સકલ સંકટ સહ ક્લેશ.

'ચંદ્ર' કાન્ત હરીલાલ માઢક (રાજકોટ)
આભાર - નિહારીકા રવિયા

# IIFT કેમ્પસ દ્વારા 'NEXUS 2026: Connecting Talent, Technology & Global Business'નું આયોજન













ભારતીય વિદેશ વેપાર સંસ્થા (IIFT) ,exe 'NEXUS 2026: Connecting Talent, Technology & Global Business'ની પ્રથમ આવૃત્તિનું આયોજન કર્યું હતું. આ એક નેતૃત્વ પરિષદ હતી જેમાં વરિષ્ઠ HR વ્યાવસાયિકો, ઉદ્યોગના અગ્રણીઓ, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ કાર્યની બદલાતી દુનિયા વિશે અર્થપૂર્ણ ચર્ચાઓ કરવા માટે એકત્રિત થયા હતા.

IIFT ગિફ્ટ સિટી કેમ્પસ, ગાંધીનગર ખાતે યોજાયેલી આ પરિષદમાં આજના કાર્યસ્થળોના મહત્વપૂર્ણ પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેમાં પ્રતિભાશાળી નવી પેઢીને કેવી રીતે જોડવી અને જાળવી રાખવી, ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કાર્યસ્થળોમાં કેવી રીતે પરિવર્તન લાવી રહ્યા છે, અને સંસ્થાઓ એવા કાર્યસ્થળોનું નિર્માણ કેવી રીતે કરી શકે જ્યાં કર્મચારીઓ વ્યાવસાયિક ગરિમા, અર્થપૂર્ણ કાર્ય, ઉદ્દેશ્ય, સુગમતા અને કાર્ય-જીવન સંતુલન નો અનુભવ કરી શકે, તેવા મુદ્દાઓનો સમાવેશ થતો હતો.NEXUS 2026 એ ઉદ્યોગ અને શિક્ષણ જગત વચ્ચે સંવાદને મજબૂત કરવા અને વિદ્યાર્થીઓ તથા ઉભરતા વ્યવસાયિક નેતાઓ માટે અનુભવી વ્યાવસાયિકો પાસેથી સીધું શીખવાની તકો ઊભી કરવા માટે એક મંચ તરીકે ઉભરી આવ્યું છે. આ ઉદ્ઘાટન આવૃતિમાં મુખ્યત્વે - "Gen Z at the Wrokplace" "Great Place to Wrok 2.0" - યોજાઈ હતી, જેમાં પ્રતિભા, સંસ્કૃતિ, નેતૃત્વ, ટેક્નોલોજી અને ભવિષ્યના કાર્યસ્થળ અંગે વિવિધ દ્રષ્ટિકોણ રજૂ કરવામાં આવ્યા હતા.Nexus ૨૦૨૬નો વિચાર ભારતીય વિદેશ વેપાર સંસ્થાન, ગિફ્ટ સિટી કેમ્પસના કેમ્પસ હેડ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ શર્માની વિચાર-વિમર્શ પ્રક્રિયામાંથી ઉદ્ભવ્યો હતો; તેઓ આ કાર્યક્રમ અને તેની વિષયવસ્તુની દિશા નક્કી કરનાર 'થિંક ટેન્ક'નો અભિન્ન હિસ્સો રહ્યા છે. Nexus 2026 એ ભારતીય વિદેશ વેપાર સંસ્થાનના માનનીય વાઈસ ચાન્સેલર ડૉ. કે. રંગરાજનની તાજેતરની મુલાકાતમાંથી ઉદ્ભવેલી અને તેના પર આધારિત એક મહત્વપૂર્ણ પહેલ પણ છે.ડૉ. શર્માના વિચારશીલ પરામર્શમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે સંસ્થાઓને એવી પ્રણાલીઓ અને પ્રક્રિયાઓની જરૂર છે જે 'જનરેશન 'ને ગરિમાપૂર્ણ અને અર્થપૂર્ણ કાર્ય, કાર્ય-જીવન સંતુલન, સુગમતા, સશક્તિકરણ અને તકનીકી નવીનતાઓના સ્વીકાર દ્વારા સંસ્થા સાથે જોડી રાખે. ગ્રાહકોની ખુશી અને નફાકારકતા માટે આંતરિક સેવા ગુણવત્તા દ્વારા પ્રતિભાને આકર્ષવા અને જાળવી રાખવા માટે સંસ્થાઓએ 'Great Place to Wrok' (GPTW) બનવાની જરૂર છે

## પ્રથમ પેનલ ચર્ચા,

"Gen Z at the Wrokplace: Engaging, developing, and retaining the next generation of talent" (કાર્યસ્થળ પર Gen Z: પ્રતિભાશાળી નવી પેઢીને જોડવી, તેમનો વિકાસ કરવો અને તેમને જાળવી રાખવા), કાર્યક્ષેત્રમાં પ્રવેશતી 'Gen Z' પેઢીની બદલાતી અપેક્ષાઓ પર કેન્દ્રિત હતી. આ ચર્ચામાં HLE Glascoat Limited -YASH Group - CHRO (ગ્રુપ ચીફ પીપલ ઓફિસર) શ્રી પાસ્કોલ ડાંતાસ; Uplers - Mavlers ના ડિરેક્ટર (પીપલ એન્ડ કલ્ચર) ડૉ. દીપા મિશ્રા, Zydus Group ના સેન્ટર ઓફ એક્સેલન્સ હેડ (ટેલેન્ટ એન્ડ લીડરશિપ) શ્રી અનિલ નાયર, અને GIFT Company Limited - CHRO શ્રી વિશાલ છિબર સામેલ થયા હતા. તેમણે Gen Z વ્યાવસાયિકોના સંચાલન, વિકાસ અને તેમને જાળવી રાખવા અંગેની તકો અને પડકારો વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા.પેનલે ચર્ચા કરી હતી કે સંસ્થાઓ કેવી રીતે Gen Z ની આકાંક્ષાઓ અને અપેક્ષાઓને વધુ સારી રીતે સમજી શકે છે અને સાથે સાથે એવું કાર્યસ્થળનું વાતાવરણ બનાવી શકે છે જે શિક્ષણ, વિકાસ, જોડાણ (engagement) અને લાંબા ગાળાની વ્યાવસાયિક પ્રગતિને પ્રોત્સાહન આપે. ચર્ચામાં એ વાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો કે સંસ્થાઓએ કર્મચારીઓના જોડાણ માટેની પરંપરાગત પદ્ધતિઓથી આગળ વધીને વધુ સર્વસમાવેશક કાર્યસ્થળ પ્રથાઓ વિકસાવવાની જરૂર છે.

## બીજી પેનલ ચર્ચા : Great Place to Wrok 2.0

બીજી પેનલ ચર્ચા , "Great Place to Wrok 2.0: Reimagining Culture, Employee Experience and the Future Wrokplace" (કાર્યસંસ્કૃતિ, કર્મચારીઓના અનુભવ અને ભવિષ્યના કાર્યસ્થળની નવી કલ્પના), ઝડપથી બદલાતી ટેક્નોલોજી અને કર્મચારીઓની બદલાતી અપેક્ષાઓ વચ્ચે એક શ્રેષ્ઠ કાર્યસ્થળનું નિર્માણ કરવાનો વાસ્તવિક અર્થ શું છે, તે વિષય પર આધારિત હતી. આ પેનલમાં Deepak Group Co ના પ્રેસિડેન્ટ અને ગ્રુપ CHRO શ્રી સુબિમલ મંડલઃ APM Terminals Pipavav નk CHRO સુશ્રી હિરલ રાજપૂત; Abhinandan Ventures ના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ અને ગ્રુપ CHRO શ્રી કિરણ પ્રસાદ ઇવાતુરી; અને Astral Limited ના જનરલ મેનેજર શ્રી વિશાલ મનકોડીએ ભાગ લીધો હતો. તેમણે કાર્યસ્થળની સંસ્કૃતિ અને કર્મચારીઓના અનુભવના બદલાતા પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી.આ ચર્ચાનું એક મહત્વપૂર્ણ પાસું AI-સક્ષમ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત) કાર્યસ્થળનો ઉદય હતું. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને નવી ટેક્નોલોજી સંસ્થાઓની કામગીરીની પદ્ધતિમાં પરિવર્તન લાવી રહી છે ત્યારે, પેનલે ચર્ચા કરી હતી કે ટેક્નોલોજી કેવી રીતે માનવીય ક્ષમતાઓમાં વધારો કરી શકે છે, ઉત્પાદકતા સુધારી શકે છે અને કર્મચારીઓ માટે નવી શક્યતાઓ ઊભી કરી શકે છે; અને તે સાથે જ સંસ્થાઓ માનવીય પાસાઓ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરવાનું કેવી રીતે જાળવી રાખી શકે છે. ચર્ચામાં લવચીકતા , કાર્ય અને વ્યક્તિગત જીવન વચ્ચેનું સંતુલન (wrok-life balance) અને કર્મચારીઓ તથા કાર્યસ્થળ વચ્ચેના બદલાતા સંબંધો જેવા મુદ્દાઓ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આમ, NEXUS 2026ની સૌપ્રથમ આવૃત્તિનો ઉદ્દેશ્ય પ્રતિભા, નેતૃત્વ, ટેક્નોલોજી અને વૈશ્વિક વ્યવસાય અંગેની ચર્ચાઓ માટે એક સતત મંચ સ્થાપિત કરવાનો હતો, અને સાથે જ IIFTના વિદ્યાર્થીઓને ઉદ્યોગની વર્તમાન કાર્યપદ્ધતિઓ તથા કાર્યસ્થળની બદલાતી અપેક્ષાઓથી વધુ સારી રીતે પરિચિત કરાવવાનો હતો.ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન ટ્રેડ (IIFT) એ ભારત સરકારની એક અગ્રણી સંસ્થા છે, જે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વાણિજ્ય વિભાગ હેઠળ સ્વાયત્ત સંસ્થા તરીકે કાર્યરત છે. ૧૯૬૩માં સ્થપાયેલ, IIFT આંતરરાષ્ટ્રીય વેપાર અને વ્યવસાયના ક્ષેત્રમાં શિક્ષણ, સંશોધન, ક્ષમતા નિર્માણ અને વિચારશીલ નેતૃત્વ માં યોગદાન આપી રહ્યું છે. IIFT ગિફ્ટ સિટી કેમ્પસની સ્થાપના એ પશ્ચિમ ભારતમાં સંસ્થાની હાજરીના નોંધપાત્ર વિસ્તરણને દર્શાવે છે; આ કેમ્પસ વ્યૂહાત્મક રીતે ગિફ્ટ સિટીમાં આવેલું છે, જે ભારતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર છે. IIFT ગિફ્ટ સિટી કેમ્પસ તેનો મુખ્ય બે વર્ષનો પૂર્ણ-સમયનો MBA (ઇન્ટરનેશનલ બિઝનેસ) પ્રોગ્રામ અને ઉદ્યોગ, સરકાર, MSMEs તથા અન્ય હિતધારકો માટે ટૂંકા ગાળાના મેનેજમેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ ઓફર કરે છે, તેમજ તે 'એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ્સ' શરૂ કરવાની પણ યોજના ધરાવે છે.

# ડૉ.અનિલ ભાઈ પટેલ ના જન્મ દિવસ નિમિતે..

# જગન્નાથ મંદિર ખાતે અતિ આધુનિક કલાત્મક પંખી ઘર ( બહુમાળી પંખી આવાસ) નું ખાત મુહુર્ત કરાયું



બોટાદ નુ સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિર , કૃષ્ણ સાગર તળાવ પાસે મંદિર પરિસર માં સ્વ. હંસાબેન પોપટ ભાઈ મીયાણી (પ્રહલાદ ગઢ) તા.ગઢડા સ્વામીના. ના આત્મ સ્મરણાર્થે આધુનિક કલાત્મક પંખીઘર ( બહુમાળી પંખી ઘર ) ડો.અનિલ ભાઈ પટેલ (જ્યોત આંખ ની હોસ્પિટલ બોટાદ ) ના સંપૂણ આર્થિક સૌજન્યથી નિર્માણ પામશે.

આ ઉમદા કાર્ય માટે આદિજિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈ અને ,અમીજરા વાસુપૂજ્ય જીવરક્ષા અભિયાન અમદાવાદ ,બોટાદ મહાજન પાંજરાપોળ ની શુભ પ્રેરણા છે. આ પંખી ઘર ભૂમિ પૂજન ખાત મુહૂર્ત વિધિ તા.૧૨/૯/૨૬ ના રોજ મહાવીર જયંતી ના પાવન પર્વ અને જોગાનુજોગ ડો.અનિલ ભાઈ પટેલ ના જન્મ દિવસ નિમિતે મંદિર ના મહંત રાજગીરી બાપુની ની વિશેષ ઉપસ્થિતિ માં કરવામાં આવેલ.

આ ભૂમિ પૂજન ખાતવિધિ માં ડો.અનિલ ભાઈ પટેલ , શ્રીમતિ કોમલ બેન ,વિકાસ ભાઈ પટેલ જોડાયેલ.

આ પ્રસંગે જીવદયા પ્રેમી મુક્તિધામ નવ નિર્માણ સમિતિ ના ચેરમેન સી.એલ. ભીકડીયા , પ્રમેશ ભાઈ શાહ , જીતુ ભાઈ શાહ ,સેજલ ભાઈ ગોપાણી , તથા જીવદયા પ્રેમીઓ ઉપસ્થિત રહેલા. જીવદયા પ્રેમી પ્રમેશ ભાઈ શાહે પ્રાસંગિક પ્રવચન આપેલ.



આજ રોજ વસ્ત્રાપુર અંધજન મંડળ ને સ્વાભિમાન ગ્રુપ દ્વારા આયોજિત સ્પેશિયલદિવ્યાંગ બાળકો માટેનો ડાન્સ કાર્યક્રમ ખરેખર ખૂબ જ સુંદર અને યાદગાર રહ્યો.બાળકોના અદ્ભુત ડાન્સ, આત્મવિશ્વાસ અને ઉત્સાહે સૌના દિલ જીતી લીધા. તેમની દરેક અદા અને દરેક સ્ટેપમાં મહેનત, ખુશી અને કંઈક કરી બતાવવાની ભાવના સ્પષ્ટ દેખાઈ રહી હતી.આ સુંદર કાર્યક્રમ માટે તમામ બાળકો, વાલીઓ, શિક્ષકો અને આયોજકોને હૃદયપૂર્વક અભિનંદન.

## પાટણમાં ઓસિયા ફાઉન્ડેશન ટ્રસ્ટની શબવાહિની પર અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલી તોડફોડની ઘટના અત્યંત દુખદ અને શરમજનક

ઓસિયા ફાઉન્ડેશન ટ્રસ્ટની ૨૪ કલાક વિના મૂલ્યે સેવા કરતી શબવાહિની પર અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલી તોડફોડની ઘટના અત્યંત દુખદ અને શરમજનક છે. માનવ સેવા સાથે જોડાયેલી સંસ્થાઓ પર હુમલાઓ થવા એ સાબિત કરે છે કે આવા લુખ્ખા તત્વો કાયદાના ભય વગર બેફામ બની ગયા છે.

પટોવાલાની શેરી, રાણકીવાવ રોડ વિસ્તારમાં અસામાજિક પ્રવૃત્તિઓનું પ્રમાણ ચિંતાજનક સ્તરે વધી ગયું છે. માનવતાના કાર્યોમાં ઉપયોગમાં લેવાતી શબવાહિનીને નિશાન બનાવીને તોડફોડ કરવી તે આવા તત્વોની માનસિકતા અને સંસ્કારનું સ્પષ્ટ દર્શન કરાવે છે.

આ જ વિસ્તારમાં અગાઉ રાત્રિના સમયે દીકરીઓની છેડતી કરતી વખતે લુખ્ખા તત્વો ઝડપાયા હોવાના બનાવો બન્યા છે, જે મહિલાઓની સુરક્ષા સામે મોટો સવાલ ઊભો કરે છે. વિસ્તારમાં બેફામ અશોભનીય વર્તન એ અહીંના રહીશો માટે રોજબરોજની સમસ્યા બની ગઈ છે.

આ ગંભીર પરિસ્થિતિને જોતા સ્થાનિક




રહીશોમાં રોષ ફેલાયો છે. હવે જોવાનું એ રહેશે કે વહીવટી તંત્ર આ બાબતે સત્વરે કડક પગલાં ભરીને આવા અસામાજિક તત્વોને કાયદાનો પાઠ ભણાવે છે કે પછી સેવાકીય સંસ્થાઓએ પણ ભયના માહોલમાં કામ કરવાની મજબૂરીનો સામનો કરવો પડશે

## કર્ણાવતીમાં વિદ્યાર્થીઓ માટે હિન્દુ જનજાગૃતિ સમિતિ વતી નિ:શુલ્ક સ્ટેશનરી વિતરણ કાર્યક્રમ સંપન્ન !

કર્ણાવતી –વિદ્યાર્થીઓને શિક્ષણમાં સહાય કરવાના ઉમદા હેતુથી અમરાઈવાડી સ્થિત 'અમરાઈવાડી મરાઠી મ્યુનિસિપલ શાળા નં. ૨' ખાતે હિન્દુ જનજાગૃતિ સમિતિ દ્વારા ૧૧ સેપ્ટેમ્બરે નિ:શુલ્ક સ્ટેશનરી વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત ૪૫ જેટલા વિદ્યાર્થીઓને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેનો બાળકોએ ખૂબ જ આનંદપૂર્વક લાભ લીધો હતો.

આ કાર્યમાં શાળાના પ્રિન્સિપાલ શ્રીમતી આરતી પાટીલ તેમજ સમગ્ર શિક્ષકગણનો સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થયો હતો. હિન્દુ જનજાગૃતિ સમિતિ વતી શ્રી ભરતભાઈ પંચાલ અને શ્રીમતી જયશ્રીબેન પંચાલ દ્વારા બાળકોને જાતે સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના પ્રિન્સિપાલશ્રી દ્વારા સમિતિના આ ઉપક્રમની સરાહના કરી પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું.આપનો વિનમ્ર,શ્રી. સંતોષ આળશી હિંદુ જનજાગૃતિ સમિતિ




# જામનગર લોક અદાલતમાં ૩,૭૯૬ કેસોનો નિકાલ : રૂા. ૧૧.૬૭ કરોડનું સમાધાન



જામનગરમાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં કુલ ૧૧,૪૪૬ કેસો રજૂ થયા હતા. આમાંથી ૩,૭૯૬ કેસોનો સ્થળ પર નિકાલ કરાયો, જેમાં રૂા. ૧૧,૬૭,૫૫,૦૪૯નું સમાધાન થયું. પૂર્વ-મુકદ્દમાના ૭,૩૫૧ કેસોમાંથી ૮૩૦નો નિકાલ થયો અને રૂા. ૧,૬૦,૬૩,૯૩૦નું સમાધાન થયું. લાંબા સમયથી પડતર ૧,૭૭૧ કેસોમાંથી ૬૪૪નો નિકાલ થતા રૂા. ૧૦,૦૬,૯૧,૧૧૯નું સેટલમેન્ટ થયું. આયોજનથી પક્ષકારોને સમય અને ખર્ચમાંથી રાહત મળી. જામનગર જિલ્લામાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં વિવિધ પ્રકારના કુલ ૧૧,૪૪૬ કેસો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં બંને પક્ષોની સંમતિ અને રાજીપાથી કુલ ૩,૭૯૬ કેસોનો સ્થળ પર જ સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન કુલ રૂા. ૧૧,૬૭,૫૫,૦૪૯ની રકમનું સમાધાન થયું હતું.

લોક અદાલતમાં કોર્ટમાં કેસ દાખલ થયા પહેલાંના વિવાદોના કાયમી ઉકેલ માટેના પૂર્વ-મુકદ્દમા પ્રકારના કુલ ૭,૩૫૧ કેસો વિચારણા હેઠળ લેવાયા હતા. તેમાંથી ૮૩૦ કેસોનો નિકાલ કરી રૂા. ૧,૬૦,૬૩,૯૩૦નું સમાધાન કરવામાં આવ્યું હતું.જામનગરની વિવિધ અદાલતોમાં લાંબા સમયથી પડતર એવા કેસોમાંથી કુલ ૧,૭૭૧ કેસો લોક અદાલતના બોર્ડ પર મુકાયા હતા. જેમાંથી ૬૪૪ કેસોમાં પક્ષકારો વચ્ચે સફળ સમજૂતી થતાં રૂા. ૧૦,૦૬,૯૧,૧૧૯ની રકમનું સેટલમેન્ટ થયું હતું.

આ ઉપરાંત સ્થાયી બેઠક હેઠળ હાથ ધરાયેલા ૨,૩૨૪ કેસોમાંથી ૨,૩૨૨ કેસોનો ત્વરિત નિકાલ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય લોક અદાલતના આયોજનથી વર્ષોથી ચાલતા વિવાદોનો સમાધાનપૂર્વક અંત આવતાં પક્ષકારોને કોર્ટ-કચેરીના ધક્કા, સમય અને ખર્ચમાંથી રાહત મળી હતી. સાથે જ પરસ્પર સમજૂતી અને ભાઈચારો જળવાઈ રહે તે દિશામાં પણ લોક અદાલત મહત્વપૂર્ણ સાબિત થઈ હતી.

# ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી, બેંકોના ડિજિટલ રેકોર્ડ કોર્ટમાં માન્ય રહેશે




અમદાવાદમાં બેંકિંગ રેકોર્ડના કાનૂની પુરાવા અંગે ૧૩૫ વર્ષ જૂના કાયદામાં મોટો ફેરફાર થયો છે. ×બેંકર્સ બુક્સ એવિડન્સ એક્ટ, ૨૦૨૬× ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી અમલમાં આવશે. આ નવો કાયદો ૧૮૯૧ના જૂના કાયદાનું સ્થાન લેશે અને કાગળ, ઈલેક્ટ્રોનિક, ડિજિટલ અને ક્લાઉડ-આધારિત બેંકિંગ રેકોર્ડ માટે આધુનિક માળખું પૂરું પાડશે. આનાથી વ્યવસાય કરવાની સરળતામાં સુધારો થશે.અમદાવાદ : બેંકિંગ રેકોર્ડના કાનૂની પુરાવા તરીકે ઉપયોગને સંચાલિત કરતા લગભગ ૧૩૫ વર્ષ જૂના કાયદામાં મોટો ફેરફાર થઈ રહ્યો છે. બેંકર્સ બુક્સ એવિડન્સ એક્ટ, ૨૦૨૬, ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી અમલમાં આવશે. આ કાયદો ૧૮૯૧ ના જૂના કાયદાને બદલશે અને બેંકિંગ રેકોર્ડ માટે આધુનિક અને ટેકનોલોજી-તટસ્થ કાનૂની માળખું પ્રદાન કરશે.નાણા મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર નિવેદન અનુસાર, આ નવો કાયદો કાગળ (ભૌતિક), ઈલેક્ટ્રોનિક, ડિજિટલ અને ક્લાઉડ-આધારિત બેંકિંગ રેકોર્ડ માટે આધુનિક અને ટેકનોલોજી-તટસ્થ કાનૂની માળખું પ્રદાન કરશે. આ કાયદાને ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી. ૧૦ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલા એક જાહેરનામામાં ૧ ઓક્ટોબરના રોજ અમલીકરણની તારીખ નક્કી કરવામાં આવી હતી.

નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે નવા કાયદાનો હેતુ બેંકિંગ સિસ્ટમમાં ઉપયોગમાં લેવાતી નવી ટેકનોલોજી સાથે સુસંગત થવા માટે કાનૂની નિયમોમાં ફેરફાર કરવાનો છે. આનાથી વ્યવસાય કરવાની સરળતામાં સુધારો થશે અને નાણાકીય ક્ષેત્ર માટે કાનૂની માળખાને આધુનિક બનાવવામાં પણ મદદ મળશે.નવા માળખા હેઠળ, બેંકર્સની પુસ્તકો (બેંક રેકોર્ડ્સ)માં ફક્ત લેખિત અથવા કાગળના રેકોર્ડ જ નહીં, પરંતુ ઈલેક્ટ્રોનિક, ડિજિટલ, વર્ચ્યુઅલ, ઑફસાઈટ અને ક્લાઉડ-સુરક્ષિત ડેટા પણ શામેલ હશે.બેંકિંગ રેકોર્ડ્સ ચકાસવાની પ્રક્રિયાને સરળ અને પ્રમાણિત કરવામાં આવી છે. રેકોર્ડ્સના પ્રમાણપત્રો હવે મેન્યુઅલ, ડિજિટલ અથવા ઈલેક્ટ્રોનિક હસ્તાક્ષરો દ્વારા પ્રમાણિત કરી શકાય છે.કાયદો કોર્ટમાં પુરાવા તરીકે ઈલેક્ટ્રોનિક અથવા ડિજિટલ રેકોર્ડ રજૂ કરવા માટે ચોક્કસ આવશ્યકતાઓ નક્કી કરે છે. આમાં કમ્પ્યુટર સિસ્ટમ્સનું સરળ સંચાલન, અધિકૃત ડેટા એન્ટ્રી, અનધિકૃત ફેરફારો સામે રક્ષણ, સુરક્ષિત ડેટા ટ્રાન્સફર અને સાયબર ધમકીઓ સામે રક્ષણનો સમાવેશ થાય છે.કેન્દ્ર સરકાર, જરૂર પડયે, આ કાયદાની જોગવાઈઓને અન્ય નાણાકીય ક્ષેત્રની સંસ્થાઓ અથવા ચોક્કસ શ્રેણીઓની સંસ્થાઓ સુધી વિસ્તૃત કરી શકે છે, તેમને અલગ શરતો, અપવાદો અથવા ફેરફારો સૂચિત કરી શકે છે.આ કાયદો બેંકિંગ પુરાવા અધિનિયમ, ૧૮૯૧ ને સંપૂર્ણપણે રદ કરે છે.

## વડોદરા: નિવૃત્ત પીઆઈની ભલામણ પર વિશ્વાસ મૂકી ગેરેજ ના કારીગરે ૧ લાખ ગુમાવ્યા

વડોદરામાં સિટિ પોલીસના પૂર્વ પી.આઈ.ની ભલામણ પર વિશ્વાસ મૂકીને યાકુતપુરાના ગેરેજ સંચાલક અલ્તાફહુસેન કાદરીએ ૧ લાખ ગુમાવ્યા છે. નિવૃત્ત પી.આઈ. સોસા સાહેબે પરિચય કરાવેલા દાનાભાઈ રાઠોડ (સુરત)ને તાકીદે પૈસાની જરૂર હોવાનું કહી અલ્તાફહુસેને ૬૫,૦૦૦ રોકડા અને ૩૫,૦૦૦ ગૂગલ પે દ્વારા આપ્યા હતા. દાનાભાઈએ પૈસા પરત ન કરતા, સિટિ પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. સિટિ પોલીસના પૂર્વ પી.આઇ.ની ભલામણ પર ભરોસો મૂકીને ગેરેજના કારીગરે પી.આઇ.ના પરિચિત વ્યક્તિને આપેલા ૧ લાખ ગુમાવવાનો વારો આવ્યો છે. જે અંગે સિટિ પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.ઝ્રૈંઙ્મઙ્ઘજૈંઙ્મકૃજિ ર્ ઈીકીહિજી ્રૃઙ્મજ

યાકુતપુરા વિસ્તારમાં પરિવાર સાથે રહેતા અને અજબડી મિલ પાસે કાદરી મોટર્સ નામનું ગેરેજ ચલાવતા અલ્તાફહુસેન મુજફ્ફરભાઇ કાદરીએ સિટિ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મારા મિત્ર અને સિટિ પોલીસ સ્ટેશનના નિવૃત્ત પી.આઈ. સોસા સાહેબની ગાડી ધનિયાવી ચોકડી પાસે બગડી જતાં, હું મારા કારીગર ઝાકીર સાથે ત્યાં મદદ માટે ગયો હતો. નિવૃત્ત પી.આઇ.એ મારી મુલાકાત દાનાભાઈ કાનાભાઈ રાઠોડ (રહે. સુરત, મૂળ દુદાણા ગામ,જિ.ભાવનગર) સાથે કરાવી હતી. દાનાભાઈએ પોતે બાંધકામના કોન્ટ્રાક્ટર હોવાનું જણાવ્યું હતું.ત્યારબાદ ૨૦ જાન્યુઆરીના રોજ સોસા સાહેબે ફોન કરીને મને જણાવ્યું કે, દાનુભાઈ વડોદરા આવ્યા છે અને તેમને તાકીદે ૧ લાખની



જરૂર છે. સાહેબના કહેવાથી મેં મદદ કરવાની હા પાડી. દાનાભાઈને મેં ૬૫ હજાર રોકડા તથા ૩૫ હજાર ગૂગલ પે થી ચૂકવી આપ્યા હતા.તેમણે દસ-બાર દિવસમાં પૈસા પરત આપવાનું વચન આપ્યું હતું.મુદત પૂરી થયા બાદ જ્યારે મેં મારા નાણાં માગ્યા, ત્યારે તેમણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું અને વારંવાર વાયદા બતાવી ગલ્લાતલ્લા કરવા લાગ્યા.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat